# સાંદીપનિ - વાલ્મીકિ - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

તારીખ : ૧૬-૧૦-૨૦૨૪ | **પ્રથમ પરીક્ષા - ૨૦૨૪** | કુલ ગુણ : ૫૦

વાર : બુધવાર | ધોરણ : ૧૧ વિષય : ગુજરાતી | સમય : ૨ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે.
(2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો.
(4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

## વિભાગ - A (પદ્ય આધારિત)

★ **નીચેના પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો.** 1

(1) 'વનમાં ચાંદલિયો ઊગ્યો' કાવ્યનો સાહિત્ય પ્રકાર કયો છે ?

★ **નીચે આપેલા પ્રશ્નના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** 2

(2) નગરમાં આગ.લાગવાથી કોણ ભય અનુભવતું નથી ?
(A) ઉંદર (B) પંખી (C) શ્વાન (D) સર્પ

(3) નાયિકાને ચાંદલિયો કેવો લાગે છે ?
(A) ચંદ્ર જેવો (B) તારા જેવો (C) ગુલાબ જેવો (D) સૂરજ જેવો

★ **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો.** 2

(4) નાવિક કોને - કોને નાવમાં બેસાડવાની સંમતિ આપે છે ?
(5) વિષયા ચંદ્રહાસના ઘોડાનાં વખાણ શા માટે કરે છે ?

★ **નીચે આપેલા પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.** 2

(6) 'સીમ અને ઘર' કાવ્યને આધારે વાછરડું આંચળમાં મુખ નાખે છે ત્યારે શું થાય છે ?

★ **નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો.** 3

(7) 'ચક્રવાક મિથુન' ખંડકાવ્યનો અંત

<u>અથવા</u>

(7) 'સીમ અને ઘર' કાવ્યનું કથાવસ્તુ તમારા શબ્દોમાં લખો.

## વિભાગ - B (ગદ્ય આધારિત)

★ **નીચે આપેલ પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો.** 1

(8) 'પોસ્ટ ઓફિસ' વાર્તાના લેખકનું નામ જણાવો.

★ **નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** 2

(9) અમૃતાને સહુ શું કહી બોલાવતાં હતાં ?
(A) અમી (B) મીની (C) અમુ (D) કમુ

(10) જયશંકર સુંદરીના અભિનય ગુરુ કોણ હતા ?
(A) વિઠ્ઠલદાસ શેઠ (B) હરકિશનદાસ શેઠ (C) બાબુલાલ નાયક (D) બાપુલાલ નાયક

★ **નીચે આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.** 2

(11) ઝમકુએ માતાજીને શા માટે નાળિયેર માન્યું હતું ?
(12) જીભ દ્વારા કયાં બે મોટાં કાર્યો થાય છે ?

★ **નીચે આપેલા પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.** 2

(13) તોફાન દિનની ઉજવણી કરવાની હા કહ્યા પછી નાનાભાઈએ પ્રથમ શું કર્યું ? શા માટે ?

★ **નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો.** 3

(14) અલીડોસાનું પાત્રાલેખન કરો.

<u>અથવા</u>

(14) ઝમકુ અને જમનનો દામ્પત્ય પ્રેમ પાઠને આધારે સમજાવો.

Master Classes Chirag Prajapati 9824129446

## વિભાગ - C (વ્યાકરણ)

★ **નીચે આપેલા શબ્દના બે સમાનાર્થી શબ્દો શોધીને સામ-સામે લખો (પ્રત્યેકનો 5 ગુણ) (કોઈપણ 2)** 1

(15) સુવર્ણ - શૃંગ, ટોચ

(16) અંબુજ - અવકાશ, વ્યોમ

(17) શિખર - કંચન, હેમ

- કમળ, પંકજ

★ **નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વાક્યોમાં રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખી અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરીથી લખો. (પ્રત્યેકનો 5 ગુણ)** 1

(18) પોસ્ટ માસ્તરે ઉતાવળે વાત વાળી લીધી.

(19) અમુ ફૂકા રમવામાં હોશિયાર હતી.

(20) વનમાં ચાંદલિયો ઊગ્યા હતો.

★ **નીચે આપેલા શબ્દ સમૂહોમાંથી કોઈપણ બે શબ્દ સમૂહો માટે એક શબ્દ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ)** 1

(21) જેને ઉપમા ન આપી શકાય તેવું -

(22) શાકભાજી વેચવાવાળો -

(23) ચેતન વિનાનું -

★ **નીચે આપેલા તળપદા શબ્દોના શિષ્ટ અર્થ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ)** 1

(24) પછે (25) શાસ્તર

★ **નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ)** 1

(26) દિકરિ

(27) સીકારિ

★ **આપેલા શબ્દોના અર્થભેદ લખો.(પ્રત્યેકનો 0.5 ગુણ)** 1

(28) કર (29) હાર

★ **નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.** 1

(30) મનોરથ મનમાં રહી જવો અથવા (30) પ્રાણ નિચોવવા

★ **નીચે આપેલ પ્રશ્નોમાં દર્શાવેલ સૂચના મુજબ કોઈપણ ત્રણના ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 3

(31) ચકવાકી તરુવરતણી શાખાઓની છુપાતી. (પ્રત્યય સુધારી વાક્ય ફરીથી લખો.)

(32) હું રાજ પર આવીશ ત્યારે તમારા વાસમાં ચોક્કસ આવીશ. (વાક્યમાંથી સંયોજક શોધીને લખો.)

(33) મનુષ્યની સર્વ ઈન્દ્રિયોમાં જીભનું સ્થાન વિશિષ્ટ છે. (વાક્યમાં રહેલો વિભક્તિ પ્રકાર ઓળખાવો.)

(34) એક બંકડો પોલીસવાળો આવ્યો. એક ચીભડું લઈ ચાલતો થયો.
(વાક્યમાં યોગ્ય સંયોજક મૂકી વાક્ય ફરી લખો)

## વિભાગ - D (અર્થગ્રહણ)

★ **નીચે આપેલા કાવ્યને વાંચી, સમજી તેની નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.** 4

કાંટા વચ્ચે રહીએ તોયે ફૂલો શાં ફોરમીએ,
ભીતર ઊંડા ઘાવ સહીને, હસતે મોંએ રહીએ.
સુખનો સૂરજ દેખી ટોળાં,
માખી શાં ઊભરાતાં;
આપદનાં એંધાણ કળાતાં
છૂમંતર થૈ જાતાં.
ભીતર છો ને ઓઘ ઊછળે, સરિતા જેમ વહીએ,
તરવૈયા કુશળ ભલે હો, સામા પૂરે ન તરીએ.
સુખને રાખી સહિયારું,
દુઃખ મૂકી છે અંગત;

Master Classes Chirag Prajapati 9824149446

મોકળા મને માફ કરીને
છોડીએ ખોટી ગમ્મત.
વ્હાલપભર્યો વડલો થૈને, શીતળ છાંય ધરીએ,
સ્વારથના સંસાર વચાળે, એક મિશાલ બનીએ.

- પુષ્કરરાય જોષી

પ્રશ્નો :

(35) કવિ હસતે મોંએ કેવી રીતે રહેવાનું કહે છે ?

(36) મુશ્કેલીનાં એંધાણ કળાતાં કોણ છૂમંતર થઈ જાય છે ?

(37) કાવ્યમાં પૂરના પાણીના પ્રવાહ માટે કશો શબ્દ વપરાયો છે ?

(38) કવિ વ્હાલભર્યો વડલો થૈને શું ધરવાનું કહે છે ?

★ **નીચે આપેલ પાઠ્યેતર ગદ્યખંડના આધારે તેની નીચે આપેલ પ્રશ્નોનો ટૂંકમાં ઉત્તર લખો.** 4

ભારતનું શાસન ધર્મ નિરપેક્ષ છે. તેનો અર્થ ધર્મ પરત્વે એ ઉદાસીન છે તેવો નથી. એટલે જ ભારતીય બંધારણે પોતાના પ્રતિજ્ઞારૂપ આમુખમાં પ્રત્યેક નાગરિકને ઉપાસનાનું સ્વાતંત્ર્ય બક્ષ્યું છે. આ ધર્મ નિરપેક્ષતાની આધારશીલા તો ધર્મ સહિષ્ણુતા જ છે. 'માનો પરમાત્મા કેવળ' એમ લલકારનાર સમર્થ ચિંતક સ્વ. કિશોરલાલ મશરૂવાલાએ' સર્વ ધર્મ સમભાવ' એ શબ્દ પ્રયોગ વહેતો કર્યો હતો. એમાં સહિષ્ણુતા અંતર્ગત હતી, પણ કાકા સાહેબ કાલેલકરને એ શબ્દ ઓછો પડયો અને સહિષ્ણુતાનું સક્રિય સ્વરૂપ પ્રગટાવવા 'સર્વ ધર્મ મમભાવ' એ શબ્દ યોજ્યો. જેનામાં સાચી ધર્મશ્રધ્ધા છે તે બધા ધર્મોને પોતાના ગણીને ચાલે. ધર્મને નામે એ કદી ઝઘડો ન કરે.

પ્રશ્નો :

(39) ભારતનું શાસન કેવા પ્રકારનું છે ?

(40) બંધારણના આમુખમાં ભારતના નાગરિકને શું બક્ષવામાં આવ્યું છે ?

(41) સાચા ધર્મશ્રધ્ધાળુનું વર્તન કેવું હોય છે ?

(42) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

★ **નીચે આપેલ બે વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.** 2

(43) અમુખે તરત જ બાને કહ્યું બા મારા ગળામાંથી સોનાની કંઠી કાઢી લે નહીં તો હું કોઈ સાધુને આપી દઈશ.

## વિભાગ - E (લેખન સજ્જતા)

★ **નીચે આપેલી પંક્તિનો વિચાર-વિસ્તાર કરો.** 3

(44) રેલાઈ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની, સિંધુના ઉમરમાંથી તો ઊડશે અમી વાદળી.

★ **નીચે આપેલા વિષયો પૈકી કોઈપણ એક વિષય પર આપેલા મુદ્દા પરથી આશરે 300 શબ્દોમાં નિબંધ લખો.** 7

(45) સ્વચ્છતા ત્યાં પ્રભુતા :

પ્રસ્તાવના - જીવનમાં સ્વચ્છતાનું મહત્વ - લોકોની ગંદકી કરવાની આદતો - ગંદકીને કારણે થતું નુકશાન - વિદેશોમાં સ્વચ્છતા અંગે કાળજી - સ્વચ્છતા જાળવવાના ઉપાયો- ઉપસંહાર)

<u>અથવા</u>

(45) મોબાઈલના લાભ - ગેરલાભ

પ્રસ્તાવના - મોબાઈલ ફોન (સેલફોન) એક સંદેશા વ્યવહારનું માધ્યમ - વિવિધ ફંકશન દ્વારા થતાં કાર્યો- સંદેશા વ્યવહાર માહિતી - પ્રસાર - પ્રચાર - શિક્ષણમાં ઉપયોગી - ખોટો ઉપયોગ - શારીરિક, માનસિક, આર્થિક નુકશાન , વિદ્યાર્થી જીવનમાં કાળજી - અતિરેક ટાળવો - ઉપસંહાર)

<u>અથવા</u>

(45) વર્ષાઋતુનું સૌમ્ય - રૌદ્ર સ્વરૂપ

પ્રસ્તાવના - વિવિધ ઋતુઓ - વર્ષાઋતુનું મહત્વ - વર્ષાના આગમનથી આજુ-બાજુના વાતાવરણમાં પરિવર્તન- નદી, તળાવો, વૃક્ષો, પંખી, પશુ, માનવ સૃષ્ટિમાં નવચેતન- અતિશય વરસાદ - પૂરની પરિસ્થિતિ - ગામમાં - ઘરોમાં પાણી - જાનમાલને નુકશાન - ગંદકીનું સામ્રાજય, બીમારી - ઉપસંહાર)

●●●●●

Master Classes Chirag Prajapati 9824149446